શ્રીમદ્ભગવદ્ગીતા–ક્ષેત્ર–ક્ષેત્રજ્ઞવિભાગયોગ

(તેરમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત ‘અમૃતતરંગિણી’ તથા
શ્રીવલ્લભજીકૃત ‘તત્વદીપિકા’ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી–વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

શ્રીમદ્ભગવદ્ગીતા ‘ક્ષેત્ર–ક્ષેત્રજ્ઞવિભાગયોગ’

(તેરમો અધ્યાય)

અથ ત્રયોદશોઽધ્યાયઃ

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

પ્રકૃતિં પુરુષં ચૈવ ક્ષેત્રં ક્ષેત્રજ્ઞમેવ ચ ।
એતદ્વેદિતુમિચ્છામિ જ્ઞાનં જ્ઞેયં ચ કેશવ ॥ ૧ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

ઈદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે
એતદ્ યો વેત્તિ તં પ્રાહુઃ ક્ષેત્રજ્ઞ ઈતિ તદ્વિદઃ ॥ ૨ ॥

ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત ।
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્ તજ્જ્ઞાનં મતં મમ ॥ ૩ ॥

તત્ ક્ષેત્રં યચ્ચ યાદક્ ચ યદ્વિકારિ યતશ્ચ યત્ ।
સ ચ યો યત્ પ્રભાવશ્ચ તત્ સમાસેન મે શ્રૃણુ ॥ ૪ ॥

ઋષિભિઃ બહુધા ગીતં છન્દોભિઃ વિવિધૈઃ પૃથક્ ।
બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિઃ વિનિશ્ચિતૈઃ ॥ ૫ ॥

મહાભૂતાન્યહંકારો બુદ્ધિરવ્યક્તમેવ ચ ।
ઈન્દ્રિયાણિ દશૈકં ચ પંચ ચેન્દ્રિયગોચરાઃ ॥ ૬ ॥

ઈચ્છા દ્વેષઃ સુખં દુઃખં સંઘાતશ્ચેતના ધૃતિઃ ।
એતત્ ક્ષેત્રં સમાસેન સવિકારમુદાહૃતમ્ ॥ ૭ ॥

અમાનિત્વમદંભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્ ।
આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ ॥ ૮ ॥
ઈન્દ્રિયાર્થેષુ વૈરાગ્યં અનહંકાર એવ ચ ।
જન્મ–મૃત્યુ–જરા–વ્યાધિ–દુઃખ–દોષાનુદર્શનમ્॥ ૯ ॥
અસક્તિઃ અનભિષ્વઙ્ગઃ પુત્રદારગૃહાદિષુ ।
નિત્યં ચ સમચિત્તત્વમિષ્ટાનિષ્ટોપપત્તિષુ ॥ ૧૦ ॥
મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી ।
વિવિક્તદેશસેવિત્વમરતિર્જનસંસદિ ॥ ૧૧ ॥
અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થ દર્શનમ્ ।
એતજ્જ્ઞાનમિતિ પ્રોક્તં અજ્ઞાનં યદતોડન્યથા॥ ૧૨ ॥
જ્ઞેયં યત્ તત્ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વાડમૃતમશ્નુતે ।
અનાદિમત્પરં બ્રહ્મ ન સત્ તન્નાસદુચ્યતે ॥ ૧૩ ॥
સર્વતઃ પાણિપાદાન્તં સર્વતોડક્ષિશિરોમુખમ્ ।
સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ॥ ૧૪ ॥
સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવિવર્જિતમ્ ।
અસક્તં સર્વભૃત્ ચૈવ નિર્ગુણં ગુણભોક્તૃ ચ ॥ ૧૫ ॥
બહિરન્તશ્ચ ભૂતાનામચરં ચરમેવ ચ ।
સૂક્ષ્મત્વાત્ તદવિજ્ઞેયં દૂરસ્થં ચાન્તિકે ચ તત્॥ ૧૬ ॥
અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્ ।
ભૂતભર્તૃ ચ તજ્જ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ ॥ ૧૭ ॥

જ્યોતિષામપિ તજ્જ્યોતિઃ તમસઃ પરમુચ્યતે ।
જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય વિષ્ઠિતમ્ ॥ ૧૮ ॥
ઈતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ।
મદ્ભક્ત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ॥ ૧૯ ॥
પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધ્યનાદી ઉભાવપિ ।
વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસંભવાન્ ॥ ૨૦ ॥
કાર્ય–કારણ–કર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે ।
પુરુષઃ સુખ–દુઃખાનાં ભોક્તૃત્વે હેતુરુચ્યતે ॥ ૨૧ ॥
પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુંક્તે પ્રકૃતિજાન્ ગુણાન્ ।
કારણં ગુણસઙ્ગોડસ્ય સદસદ્યોનિજન્મસુ॥ ૨૨ ॥
ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ ।
પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેડસ્મિન્ પુરુષઃ પરઃ ॥ ૨૩॥
ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ ।
સર્વથા વર્તમાનોડપિ ન સ ભૂયોડભિજાયતે ॥ ૨૪ ॥

ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાંખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે॥ ૨૫॥
અન્યે ત્વેવમજાનન્તઃ શ્રુત્વાડન્યેભ્ય ઉપાસતે ।
તેડપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ॥ ૨૬ ॥
યાવત્ સંજાયતે કિંચિત્ સત્ત્વં સ્થાવરજંગમમ્ ।

ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્ તદ્વિદ્ધિ ભરતર્ષભ ॥ ૨૭ ॥

સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્તં પરમેશ્વરમ્ ।
વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ ॥ ૨૮ ॥

સમં પશ્યન્ હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્ ।
ન હિનસ્ત્યાત્મનાડડત્માનં તતો યાતિ પરાં ગતિમ્ ॥ ૨૯॥

પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।
યઃ પશ્યતિ તથાડડત્માનમકર્તારં સ પશ્યતિ ॥ ૩૦॥

યદા ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ ।
તત એવ ચ વિસ્તારં બ્રહ્મ સંપદ્યતે તદા ॥ ૩૧॥

અનાદિત્વાન્નિર્ગુણત્વાત્ પરમાત્માડયમવ્યયઃ ।
શરીરસ્થોડપિ કૌન્તેય ન કરોતિ ન લિપ્યતે ॥ ૩૨॥

યથા સર્વગતં સૌક્ષ્મ્યાદાકાશં નોપલિપ્યતે ।
સર્વત્રાવસ્થિતો દેહે તથાડડત્મા નોપલિપ્યતે ॥ ૩૩ ॥

યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમિમં રવિઃ ।
ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ ભારત ॥ ૩૪ ॥

ક્ષેત્રક્ષેત્રજ્ઞયોરેવમન્તરં જ્ઞાનચક્ષુષા ।
ભૂતપ્રકૃતિમોક્ષં ચ યે વિદુર્યાન્તિ તે પરમ્ ॥ ૩૫ ॥

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગો નામ ત્રયોદશોડધ્યાયઃ ॥ ૧૩ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ ત્રયોદશોડધ્યાયઃ

(ગીતાનો તેરમો અધ્યાય)

ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

(હવે અહીં પ્રપંચ વગેરેના સર્વ સ્વરૂપના જ્ઞાનના અભાવમાં ભક્તિ કેમ થાય ? તે જ્ઞાનને અર્જુન પૂછે છે -)

પ્રકૃતિં પુરુષં ચૈવ ક્ષેત્રં ક્ષેત્રજ્ઞમેવ ચ ।
એતદ્વેદિતુમિચ્છામિ જ્ઞાનં જ્ઞેયં ચ કેશવ ॥ ૧ ॥

અન્વય	અર્થ
પ્રકૃતિમ્	પૂર્વમાં કહેવાયેલ પોતાની શક્તિરૂપા પ્રકૃતિને
ચ	અને
પુરુષમ્	ભગવાનનો અંશ જીવને (તેમજ)
ક્ષેત્રમ્	સર્વનું ઉત્પત્તિસ્થાન-ક્ષેત્રને
એવ	પણ (તથા)
જ્ઞાનમ્	જ્ઞાનના સ્વરૂપને
ચ	અને
જ્ઞેયમ્	તે જ્ઞાન વડે પ્રાપ્ય સર્વને
કેશવ	બ્રહ્મા અને શિવને પણ મોક્ષ આપનારા એવા હે કેશવ !
એતત્	આ (ભક્તિને અર્થે)

વેદિતુમ્	જાણવા
ઈચ્છામિ	(હું) ઈચ્છું છું ॥ ૧ ॥

ભાવાર્થ – (હવે અહીં પ્રપંચ વગેરેના સર્વ સ્વરૂપના જ્ઞાનના અભાવમાં ભક્તિ કેમ થાય ? તે જ્ઞાનને અર્જુન પૂછે છે -) પૂર્વમાં કહેવાયેલ પોતાની શક્તિરૂપા પ્રકૃતિને અને ભગવાનનો અંશ જીવને (તેમજ) સર્વનું ઉત્પત્તિસ્થાન-ક્ષેત્રને પણ (તથા) જ્ઞાનના સ્વરૂપને અને તે જ્ઞાન વડે પ્રાપ્ય સર્વને બ્રહ્મા અને શિવને પણ મોક્ષ આપનારા એવા હે કેશવ ! આ (ભક્તિને અર્થે) જાણવા (હું) ઈચ્છું છું ॥ ૧ ॥

(ભગવાન્ કૃપા કરીને ઉત્તર આપે છે -)

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

ઈદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે
એતદ્ યો વેત્તિ તં પ્રાહુઃ ક્ષેત્રજ્ઞ ઈતિ તદ્વિદઃ ॥ ૨ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	હે કૃપાપાત્ર અર્જુન !
ઈદમ્	આ-દશ્યમાન
શરીરમ્	મરણ વગેરે ધર્મથી યુક્ત-શરીર
ક્ષેત્રમ્	જ્ઞાન વગેરેને અંકુરિત થવાનું સ્થાન-લીલાને અર્થે પોતાના અંશ જીવનું ઉત્પત્તિસ્થાન છે
ઈતિ	એમ
અભિધીયતે	કહેવામાં આવે છે
એતત્	આ (જીવ અને શરીરને જુદા-જુદા)

યઃ	જે (યથાતથ્ય)
વેત્તિ	જાણે છે
તમ્	તેને
ક્ષેત્રજ્ઞઃ	ક્ષેત્રજ્ઞ-ક્ષેત્રને જાણનાર (કહેવામાં આવે છે)
ઈતિ	એમ
તદ્વિદઃ	ક્ષેત્રને જાણનાર-જ્ઞાનીઓ
પ્રાહુઃ	કહે છે ॥ ૨ ॥

ભાવાર્થ – (ભગવાન્ કૃપા કરીને ઉત્તર આપે છે -) હે કૃપાપાત્ર અર્જુન! આ-દશ્યમાન મરણ વગેરે ધર્મથી યુક્ત-શરીર જ્ઞાન વગેરેને અંકુરિત થવાનું સ્થાન-લીલાને અર્થે પોતાના અંશ જીવનું ઉત્પત્તિસ્થાન છે એમ કહેવામાં આવે છે આ (જીવ અને શરીરને જુદા-જુદા) જે (યથાતથ્ય) જાણે છે તેને ક્ષેત્રજ્ઞ-ક્ષેત્રને જાણનાર (કહેવામાં આવે છે) એમ ક્ષેત્રને જાણનાર-જ્ઞાનીઓ કહે છે ॥ ૨ ॥

ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત ।
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્ તજ્જ્ઞાનં મતં મમ ॥ ૩ ॥

અન્વય	અર્થ
ચ	અને (અણુરૂપ હોઈને પણ)
ભારત	હે ભરતવંશી અર્જુન !
સર્વક્ષેત્રેષુ	સર્વ ક્ષેત્રોમાં
ક્ષેત્રજ્ઞ	(ક્ષેત્રીભાવે જેનું સર્જન છે તેવો જીવ સ્વતઃ-પોતાની મેળે ક્ષેત્રને અલગથી નથી જાણતો, તેથી જે કોઈ પણ જાણે છે

	તે) ક્ષેત્રજ્ઞ-ક્ષેત્રને જાણનાર
અપિ	પણ
મામ્	મને (રસાનુભવને અર્થે મારા અંશપણાએ મદ્રૂપ-પુરુષને સર્વક્ષેત્રોમાં)
વિદ્ધિ	જાણ,
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ	ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું (મારા અંશપણાએ-બન્ને મારી લીલાના અર્થે છે તેવા સ્વરૂપનું)
યત્	જે
જ્ઞાનમ્	જ્ઞાન છે
તત્	તે
જ્ઞાનમ્	જ્ઞાન છે (એમ)
મમ	મને
મતમ્	સમ્મત છે (આથી વિપરીત જે જ્ઞાન છે તે મને સમ્મત નથી) ॥ ૩ ॥

ભાવાર્થ – અને (અણુરૂપ હોઈને પણ) હે ભરતવંશી અર્જુન ! સર્વ ક્ષેત્રોમાં (ક્ષેત્રીભાવે જેનું સર્જન છે તેવો જીવ સ્વતઃ-પોતાની મેળે ક્ષેત્રને અલગથી નથી જાણતો, તેથી જે કોઈ પણ જાણે છે તે) ક્ષેત્રજ્ઞ-ક્ષેત્રને જાણનાર પણ મને (રસાનુભવને અર્થે મારા અંશપણાએ મદ્રૂપ-પુરુષને સર્વક્ષેત્રોમાં) જાણ, ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું (મારા અંશપણાએ-બન્ને મારી લીલાના અર્થે છે તેવા સ્વરૂપનું) જે જ્ઞાન છે તે જ્ઞાન છે (એમ) મને સમ્મત છે (આથી વિપરીત જે જ્ઞાન છે તે મને સમ્મત નથી) ॥ ૩ ॥

તત્ ક્ષેત્રં યચ્ચ યાદક્ ચ યદ્વિકારિ યતશ્ચ યત્ ।
સ ચ યો યત્ પ્રભાવશ્ચ તત્ સમાસેન મે શ્રૃણુ ॥ ૪ ॥

અન્વય	અર્થ
તત્	તે
ક્ષેત્રમ્	(મેં જણાવેલું) ક્ષેત્ર,
યત્	જે (મારી સત્તામાં રહેલું છે)
ચ	અને (જડાદિરૂપ હોઈને પણ)
યાદક્	(મારી લીલામાં ઈચ્છારૂપનું) જેવું છે
ચ	તથા
યદ્વિકારિ	મારી વિચિત્ર ક્રીડેચ્છા વડે કરીને નાના વિકારથી યુક્ત
ચ	અને
યતઃ	(મારા અંશાત્મક-મારી ક્રીડાને અર્થે પ્રકૃતિ-પુરુષના સંયોગના) કારણે
યત્	(ઉત્પન્ન) થયું છે (જે સ્થાવર-જંગમ-પશુ-પક્ષી વગેરે વિચિત્ર રૂપ છે)
ચ	અને
સઃ	તે ક્ષેત્રજ્ઞ (જે સ્વરૂપથી મારા અંશાત્મક રૂપ છે તે)
ચ	પણ
યત્ પ્રભાવઃ	જે પ્રભાવવાળો છે (સૂક્ષ્મ હોઈને પણ વ્યાપકાદિ સેવનયોગ્ય વગેરે અચિન્ત્ય પ્રભાવવાળો છે તેમ બીજાઓને

	યથાતથ્ય જ્ઞાન નહીં હોવાને કારણે 'બહુવિધ' એમ કહ્યું છે)
તત્	તે
સમાસેન	સંક્ષેપમાં
મે	મારાથી
શ્રૃણુ	સાંભળ ॥ ૪ ॥

ભાવાર્થ – તે (મેં જણાવેલું) ક્ષેત્ર, જે (મારી સત્તામાં રહેલું છે) અને (જડાદિરૂપ હોઈને પણ) (મારી લીલામાં ઈચ્છારૂપનું) જેવું છે તથા મારી વિચિત્ર ક્રીડેચ્છા વડે કરીને નાના વિકારથી યુક્ત અને (મારા અંશાત્મક-મારી ક્રીડાને અર્થે પ્રકૃતિ-પુરુષના સંયોગના) કારણે (ઉત્પન્ન) થયું છે (જે સ્થાવર-જંગમ-પશુ-પક્ષી વગેરે વિચિત્ર રૂપ છે) અને તે ક્ષેત્રજ્ઞ (જે સ્વરૂપથી મારા અંશાત્મક રૂપ છે તે) પણ જે પ્રભાવવાળો છે (સૂક્ષ્મ હોઈને પણ વ્યાપકાદિ સેવનયોગ્ય વગેરે અચિન્ત્ય પ્રભાવવાળો છે તેમ બીજાઓને યથાતથ્ય જ્ઞાન નહીં હોવાને કારણે 'બહુવિધ' એમ કહ્યું છે) તે સંક્ષેપમાં મારાથી સાંભળ ॥ ૪ ॥

(ઘણાં બધાઓ દ્વારા ઘણા બધા પ્રકારે કહેવાયું હોવાથી ભ્રમ ન થાય તે માટે તેને વિસ્તારીને કહે છે -)

ઋષિભિઃ બહુધા ગીતં છન્દોભિઃ વિવિધૈઃ પૃથક્ ।
બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિઃ વિનિશ્ચિતૈઃ ॥ ૫ ॥

અન્વય	અર્થ
ઋષિભિઃ	(પોતાના અનુભવથી ઉત્પન્ન ફલ નિરૂપણ વડે) ઋષિઓ વડે
બહુધા	ઘણાં પ્રકારે
ગીતમ્	(ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ) નિરૂપણ કરવામાં આવ્યુંછે (અને)
છન્દોભિઃ	વેદો વડે
વિવિધૈઃ	(ધ્યાન-ધારણા વિષયરૂપે, વૈરાજ વગેરે રૂપે, અનેક યજનીય દેવતા વગેરે રૂપે, કર્મ,જ્ઞાન, ઉપાસના, કામ્ય વગેરે સ્વરૂપે) ઘણા પ્રકારે
પૃથક્	ભિન્નતાથી-વિભાગપૂર્વક (અધિકાર પરત્વે નિરૂપણ કરવામાં આવ્યું છે)
ચ	તેવી જ રીતે
વિનિશ્ચિતૈઃ	શ્રીવ્યાસચરણ દ્વારા વેદના અર્થોના સારરૂપમાં ગ્રથન કરેલા-નિઃસંદિગ્ધ પોતે અનુભવ કરેલા એવા,
હેતુમદ્ભિઃ	'તત્ તુ સમન્વયાત્' વગેરે સહેતુક-સાધક વાક્યોરૂપ એવા
બ્રહ્મસૂત્રપદૈઃ	(સૂત્ર એટલે પરિભાષાપરક સંક્ષિપ્ત વાક્યો અને બ્રહ્મસૂત્ર એટલે બ્રહ્મનું પ્રતિપાદન કરનારા તેવા સંક્ષિપ્તમાં કહેવાયેલા 'જન્માદ્યસ્ય યતઃ' વગેરે વાક્યો, તેમજ પદ એટલે જે સૂત્ર-વાક્યો વડે બ્રહ્મ જાણી શકાય છે અથવા પ્રાપ્ત કરી શકાય છે તેવાં) બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા
એવ	પણ (તેમજ કહ્યું છે, એમ વિસ્તારથી કહેલું હોવાથી દુર્બોધ હોવાથી તું મારી પાસેથી સંક્ષેપમાં સાંભળ) ॥ ૫ ॥

ભાવાર્થ – (ઘણા બધાઓ દ્વારા ઘણા બધા પ્રકારે કહેવાયું હોવાથી ભ્રમ ન થાય તે માટે તેને વિસ્તારીને કહે છે -) (પોતાના અનુભવથી ઉત્પન્ન ફલનિરૂપણ વડે) ઋષિઓ વડે ઘણાં પ્રકારે (ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ) નિરૂપણ

કરવામાં આવ્યુંછે (અને) વેદો વડે (ધ્યાન-ધારણા વિષયરૂપે, વૈરાજ વગેરે રૂપે, અનેક યજનીય દેવતા વગેરે રૂપે, કર્મ,જ્ઞાન, ઉપાસના, કામ્ય વગેરે સ્વરૂપે) ઘણા પ્રકારે ભિન્નતાથી-વિભાગપૂર્વક (અધિકારપરત્વે નિરૂપણ કરવામાં આવ્યું છે) તેવી જ રીતે શ્રીવ્યાસચરણ દ્વારા વેદના અર્થોના સારરૂપમાં ગ્રથન કરેલા-નિઃસંદિગ્ધ પોતે અનુભવ કરેલા એવા, 'તત્ તુ સમન્વયાત્' વગેરે સહેતુક-સાધક વાક્યોરૂપ એવા (સૂત્ર એટલે પરિભાષાપરક સંક્ષિપ્ત વાક્યો અને બ્રહ્મસૂત્ર એટલે બ્રહ્મનું પ્રતિપાદન કરનારા તેવા સંક્ષિપ્તમાં કહેવાયેલા 'જન્માદ્યસ્ય યતઃ' વગેરે વાક્યો, તેમજ પદ એટલે જે સૂત્રવાક્યો વડે બ્રહ્મ જાણી શકાય છે અથવા પ્રાપ્ત કરી શકાય છે તેવાં) બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા પણ (તેમજ કહ્યું છે, એમ વિસ્તારથી કહેલું હોવાથી દુર્બોધ હોવાથી તું મારી પાસેથી સંક્ષેપમાં સાંભળ). ॥ ૫ ॥

(તે ક્ષેત્રના સ્વરૂપને જણાવે છે -)

મહાભૂતાન્યહંકારો બુદ્ધિરવ્યક્તમેવ ચ ।
ઈન્દ્રિયાણિ દશૈકં ચ પંચ ચેન્દ્રિયગોચરાઃ ॥ ૬ ॥

અન્વય	અર્થ
મહાભૂતાનિ	મહાભૂતો (આકાશ, વાયુ, તેજ, જલ, પૃથિવી),
અહંકારઃ	તે ભૂતોનો કારણાત્મક અહંકાર,
બુદ્ધિઃ	વિજ્ઞાન સ્વરૂપની બુદ્ધિ
ચ	અને
અવ્યક્તમ્	મૂલ પ્રકૃતિ-અવ્યક્ત
એવ	પણ
ચ	તથા
દશ	દસ
ઈન્દ્રિયાણિ	ઈન્દ્રિયો (૫-જ્ઞાનેન્દ્રિયો-શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ તથા ૫- કર્મેન્દ્રિય - વાક્,પાણિ, પાદ, અપાન, ઉપસ્થ)
એકમ્	એક મન
ચ	અને
પંચ	પાંચ
ઈન્દ્રિયગોચરાઃ	તન્માત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) (આ પ્રમાણે કુલ ૨૪ તત્ત્વો ગણાવ્યાં છે) ॥ ૬ ॥

ભાવાર્થ – (તે ક્ષેત્રના સ્વરૂપને જણાવે છે -) મહાભૂતો (આકાશ, વાયુ, તેજ, જલ, પૃથિવી), તે ભૂતોનો કારણાત્મક અહંકાર, વિજ્ઞાન સ્વરૂપની બુદ્ધિ અને મૂલપ્રકૃતિ-અવ્યક્ત તથા દસ ઈન્દ્રિયો (૫-જ્ઞાનેન્દ્રિયો-શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ તથા ૫- કર્મેન્દ્રિયો - વાક્,પાણિ, પાદ, અપાન, ઉપસ્થ) એક મન અને પાંચ તન્માત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) (આ પ્રમાણે કુલ ૨૪ તત્ત્વો ગણાવ્યાં છે). ॥ ૬ ॥

ઈચ્છા દ્વેષઃ સુખં દુઃખં સંઘાતશ્ચેતના ધૃતિઃ ।
એતત્ ક્ષેત્રં સમાસેન સવિકારમુદાહૃતમ્ ॥ ૭ ॥

અન્વય	અર્થ
ઈચ્છા	અભિલષિત અર્થ સ્વરૂપની ઈચ્છા,
દ્વેષઃ	અપ્રિય સ્ફૂર્તિ વડે દ્વેષ,

સુખમ્	પોતાને અભિલષિતની પ્રાપ્તિરૂપ સુખ,
દુઃખમ્	પોતાના અજ્ઞાન વડે કલ્પના કરાયેલું દુઃખ,
સંઘાતઃ	પાંચભૌતિક શરીર,
ચેતના	જ્ઞાન સ્વરૂપની મનોવૃત્તિરૂપ ચેતના (અને)
ધૃતિઃ	ધૈર્ય,
એતત્	(આ પ્રકારે) આ
ક્ષેત્રમ્	ક્ષેત્ર
સવિકારમ્	(ઈચ્છા વગેરે પણ મનોધર્મ હોવાથી) ઈન્દ્રિય વગેરે વિકારસહિત
સમાસેન	સંક્ષેપમાં સમ્યક્ પ્રકારે
ઉદાહૃતમ્	(આ બધું મારી લીલાના અર્થે પ્રકટિત છે એમ જ્ઞાનને અર્થે) કહ્યું છે ॥ ૭ ॥

ભાવાર્થ – અભિલષિત અર્થ સ્વરૂપની ઈચ્છા, અપ્રિય સ્ફૂર્તિ વડે દ્વેષ, પોતાને અભિલષિતની પ્રાપ્તિરૂપ સુખ, પોતાના અજ્ઞાન વડે કલ્પના કરાયેલું દુઃખ, પાંચભૌતિક શરીર, જ્ઞાન સ્વરૂપની મનોવૃત્તિરૂપ ચેતના (અને) ધૈર્ય, (આ પ્રકારે) આ ક્ષેત્ર (ઈચ્છા વગેરે પણ મનોધર્મ હોવાથી) ઈન્દ્રિય વગેરે વિકારસહિત સંક્ષેપમાં સમ્યક્ પ્રકારે (આ બધું મારી લીલાના અર્થે પ્રકટિત છે એમ જ્ઞાનને અર્થે) કહ્યું છે. ॥ ૭ ॥

(આ પ્રમાણે ક્ષેત્ર સ્વરૂપને જણાવીને હવે સસાધન જ્ઞાનસ્વરૂપને કહે છે -)

અમાનિત્વમદંભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્ ।

આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ ॥ ૮ ॥

અન્વય	અર્થ
અમાનિત્વમ્	પોતાના ગુણોના ઉત્કર્ષવર્ણનના પ્રબોધથી રહિત અમાનીપણું,
અદંભિત્વમ્	લોકોને બતાવવા માટે ધર્મ વગેરેનું અનુષ્ઠાન તે દંભ, તેના અભાવ સ્વરૂપનું દંભરહિતપણું,
અહિંસા	બીજાને પીડા પહોંચાડવાથી રહિત અહિંસા
ક્ષાન્તિઃ	દુષ્ટ વગેરેના અતિક્રમણને સહન કરવા સ્વરૂપની ક્ષાન્તિ,
આર્જવમ્	ઋજુતા-અકુટિલતા,
આચાર્યો-પાસનમ્	ગુરુની સેવા,
શૌચમ્	આન્તર-બાહ્ય બન્ને પ્રકારની શુદ્ધિ (બાહ્ય-મૃત્તિકા-જલ વગેરેથી, આન્તર-ભગવત્ સ્મરણાત્મક),
સ્થૈર્યમ્	ક્લેશ વગેરે પ્રાપ્ત થતાં પણ ભગવાનમાં પરાયણતા વડે સ્થિતિ કરવી,
આત્મવિ-નિગ્રહઃ	ભૂખ-તરસ વગેરે સહન કરવા રૂપમાં શરીરનો સંયમ ॥ ૮॥

ભાવાર્થ – (આ પ્રમાણે ક્ષેત્ર સ્વરૂપને જણાવીને હવે સસાધન જ્ઞાનસ્વરૂપને કહે છે -) પોતાના ગુણોના ઉત્કર્ષવર્ણનના પ્રબોધથી રહિત અમાનીપણું, લોકોને બતાવવા માટે ધર્મ વગેરેનું અનુષ્ઠાન તે દંભ, તેના અભાવ સ્વરૂપનું દંભરહિતપણું, બીજાને પીડા પહોંચાડવાથી રહિત અહિંસા, દુષ્ટ વગેરેના અતિક્રમણને સહન કરવા સ્વરૂપની ક્ષાન્તિ,

ઋજુતા-અકુટિલતા, ગુરુની સેવા, આન્તર-બાહ્ય બન્ને પ્રકારની શુદ્ધિ (બાહ્ય-મૃત્તિકા-જલ વગેરેથી, આન્તર-ભગવત્ સ્મરણાત્મક), ક્લેશ વગેરે પ્રાપ્ત થતાં પણ ભગવાનમાં પરાયણતા વડે સ્થિતિ કરવી, ભૂખ-તરસ વગેરે સહન કરવા રૂપમાં શરીરનો સંયમ, ॥ ૮॥

ઈન્દ્રિયાર્થેષુ વૈરાગ્યં અનહંકાર એવ ચ ।
જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-દુઃખ-દોષાનુદર્શનમ્॥ ૯ ॥

અન્વય	અર્થ
ઈન્દ્રિયાર્થેષુ	ઈન્દ્રિયો વડે વિષયોના ભોગમાં
વૈરાગ્યમ્	વૈરાગ્ય-આસક્તિનો અભાવ
ચ	અને
અનહંકારઃ	અહંકારનો અભાવ (આ સર્વથા આવશ્યક છે)
એવ	એવં
જન્મ	(અજન્મા એવા બ્રહ્મના અંશ જીવનો પણ યોનિ-મલ વગેરે સાથે સમ્બન્ધ થવા રૂપ) જન્મ,
મૃત્યુ	(ભગવદ્વિસ્મરણરૂપ) મૃત્યુ,
જરા	શક્તિહ્રાસરૂપ જરા (વૃદ્ધત્વ),
વ્યાધિ	રોગ વગેરે સ્વરૂપની મનસહિતની દેહપીડા,
દુઃખદોષાનુદર્શનમ્	જન્મ વગેરેમાં દુઃખ અને દોષનો વારંવાર વિચાર કરવો, ॥ ૯ ॥

ભાવાર્થ – ઈન્દ્રિયો વડે વિષયોના ભોગમાં વૈરાગ્ય-આસક્તિનો અભાવ અને અહંકારનો અભાવ (આ સર્વથા આવશ્યક છે) એવં (અજન્મા એવા બ્રહ્મના અંશ જીવનો પણ યોનિ-મલ વગેરે સાથે સમ્બન્ધ થવા રૂપ) જન્મ, (ભગવદ્વિસ્મરણરૂપ) મૃત્યુ, શક્તિહ્રાસરૂપ જરા (વૃદ્ધત્વ), રોગ વગેરે સ્વરૂપની મનસહિતની દેહપીડા, જન્મ વગેરેમાં દુઃખ અને દોષનો વારંવાર વિચાર કરવો, ॥ ૯ ॥

અસક્તિઃ અનભિષ્વઙ્ગઃ પુત્રદારગૃહાદિષુ ।
નિત્યં ચ સમચિત્તત્વમિષ્ટાનિષ્ટોપપત્તિષુ ॥ ૧૦ ॥

અન્વય	અર્થ
પુત્ર-દાર-ગૃહાદિષુ	પુત્ર-સ્ત્રી-ઘર વગેરે પદાર્થોમાં
અસક્તિઃ	આસક્તિનો અભાવ હોવો (અને)
અનભિષ્વઙ્ગઃ	તેમાં સમદુઃખસુખપણાએ તન્મયપણાનો અભાવ-મમતાનો અભાવ હોવો
ચ	અને
ઈષ્ટ-અનિષ્ટ ઉપપત્તિષુ	પ્રિય-અપ્રિય જે ઘટે -પ્રાપ્ત થાય તેમાં
નિત્યમ્	સર્વદા
સમચિત્તત્વમ્	હર્ષ-વિષાદથી શૂન્ય સમચિત્ત રહેવું ॥ ૧૦ ॥

ભાવાર્થ – પુત્ર-સ્ત્રી-ઘર વગેરે પદાર્થોમાં આસક્તિનો અભાવ હોવો (અને) તેમાં સમદુઃખસુખપણાએ તન્મયપણાનો અભાવ- મમતાનો અભાવ હોવો અને પ્રિય-અપ્રિય જે ઘટે -પ્રાપ્ત થાય તેમાં સર્વદા હર્ષ-વિષાદથી શૂન્ય સમચિત્ત રહેવું. ॥ ૧૦ ॥

મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી ।

વિવિક્તદેશસેવિત્વમરતિર્જનસંસદિ ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
મયિ	મારામાં
અનન્યયોગેન	લૌકિક-અલૌકિક સર્વમાં મારા જ શરણભાવ રૂપની,
અવ્યભિચારિણી	અન્યત્ર સદ્બુદ્ધિરહિત સ્વરૂપની
ભક્તિઃ	(નિર્હેતુકી) ભક્તિ હોવી
ચ	અને
વિવિક્તદેશસેવિત્વમ્	જ્યાં ભગવદ્ વિરોધી લોકો રહેતા ન હોય તેવા દેશનું સેવન કરવાનો સ્વભાવ હોવો,
જનસંસદિ	ઉત્પત્તિ વગેરે ક્લેશથી યુક્ત લૌકિક જીવોના સમૂહમાં (અથવા સભામાં)
અરતિઃ	ત્યાં ઊભા રહેવું-બેસવું વગેરેની આકાંક્ષાનો અભાવ હોવો-રુચિ, રસ ન હોવા ॥ ૧૧ ॥

ભાવાર્થ– મારામાં લૌકિક-અલૌકિક સર્વમાં મારા જ શરણભાવ રૂપની, અન્યત્ર સદ્બુદ્ધિ રહિત સ્વરૂપની (નિર્હેતુકી) ભક્તિ હોવી અને જ્યાં ભગવદ્વિરોધી લોકો રહેતા ન હોય તેવા દેશનું સેવન કરવાનો સ્વભાવ હોવો, ઉત્પત્તિ વગેરે ક્લેશથી યુક્ત લૌકિક જીવોના સમૂહમાં (અથવા સભામાં) ઊભા રહેવું-બેસવું વગેરેની આકાંક્ષાનો અભાવ હોવો-રુચિ, રસ ન હોવાં, ॥ ૧૧ ॥

અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થ દર્શનમ્ ।

એતજ્જ્ઞાનમિતિ પ્રોક્તં અજ્ઞાનં યદતોઽન્યથા ॥ ૧૨ ॥

અન્વય	અર્થ
અધ્યાત્મજ્ઞાન	આત્મસ્વરૂપના જ્ઞાનમાં
નિત્યત્વમ્	નિત્યભાવ-સ્થિતિ (અને)
તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્	તત્ત્વજ્ઞાનના અર્થરૂપ ભગવાન અથવા મોક્ષ તેનું દર્શન એટલે આલોચનરીતિએ વિચાર (એમ)
એતત્	આ (પાંચ શ્લોકોમાં)
પ્રોક્તમ્	કહેવાયેલું
જ્ઞાનમ્	જ્ઞાન છે (આનાથી યુક્ત તે જ્ઞાનવાન્ છે) (અને)
યત્	જે
અતઃ	આથી
અન્યથા	વિપરીત છે (તે)
અજ્ઞાનમ્	અજ્ઞાન છે (તેવા અજ્ઞાનથી યુક્ત અજ્ઞાની છે)
ઈતિ	એમ (કહેવામાં આવ્યું છે) ॥ ૧૨ ॥

ભાવાર્થ – આત્મસ્વરૂપના જ્ઞાનમાં નિત્યભાવ-સ્થિતિ (અને) તત્ત્વજ્ઞાનના અર્થરૂપ ભગવાન અથવા મોક્ષ તેનું દર્શન એટલે આલોચનરીતિએ વિચાર (એમ) આ (પાંચ શ્લોકોમાં) કહેવાયેલું જ્ઞાન છે (આનાથી યુક્ત તે જ્ઞાનવાન્ છે) (અને) જે આથી વિપરીત છે (તે) અજ્ઞાન છે (તેવા અજ્ઞાનથી યુક્ત અજ્ઞાની છે) એમ (કહેવામાં આવ્યું છે) ॥ ૧૨ ॥

(જ્ઞાનના સ્વરૂપને જણાવ્યા પછી હવે અહીં જ્ઞેયના સ્વરૂપને કહે

છે-)

જ્ઞેયં યત્ તત્ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વાડમૃતમશ્નુતે ।
અનાદિમત્પરં બ્રહ્મ ન સત્ તન્નાસદુચ્યતે ॥ ૧૩ ॥

અન્વય	અર્થ
યત્	જે
જ્ઞેયમ્	પોતાના ગુણરૂપ વડે - પૂર્વોક્ત સાધનો વડે-શાસ્ત્રતઃ જ્ઞાનીઓ વડે અધિગમ્ય છે-જાણવા યોગ્ય છે
તત્	તે (જ્ઞેયને)
પ્રવક્ષ્યામિ	પ્રકર્ષે સર્વાંગયુક્ત કહીશ
યત્	જે
જ્ઞાત્વા	જાણીને
અમૃતમ્	મોક્ષને
અશ્નુતે	પ્રાપ્ત થાય છે.
તત્	તે
અનાદિ	જેનું આદિ-ઉત્પત્તિ નથી તેવું,
મત્પરમ્	જેનાથી પર (એકમાત્ર) હું જ છું તેવું મારું સ્થાન બનેલું,
બ્રહ્મ	સર્વવેદાન્તપ્રતિપાદ્ય - વ્યાપક (અક્ષરબ્રહ્મ)
નસત્	ન સત્ કહેવાય છે (તો પછી તે અસત્ કહેવાશે ? તો કહે છે-)
ન અસત્	(તે) અસત્ (પણ) નથી કહેવાતું (પરન્તુ તે બન્ને વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે તેથી સત્-અસત્ની અનિશ્ચય ઉક્તિ હોવાથી દુર્જ્ઞેય હોઈ તેનું બ્રહ્મત્વ પ્રતિપાદન કર્યું છે). ।।૧૩।।

ભાવાર્થ – (જ્ઞાન સ્વરૂપને જણાવ્યા પછી હવે અહીં જ્ઞેય સ્વરૂપને કહે છે-) જે પોતાના ગુણરૂપ વડે - પૂર્વોક્ત સાધનો વડે-શાસ્ત્રતઃ જ્ઞાનીઓ વડે અધિગમ્ય છે-જાણવા યોગ્ય છે તે (જ્ઞેયને) પ્રકર્ષે સર્વાંગયુક્ત કહીશ જે જાણીને મોક્ષને પ્રાપ્ત થાય છે. તે જેનું આદિ-ઉત્પત્તિ નથી તેવું, જેનાથી પર (એકમાત્ર) હું જ છું તેવું, મારું સ્થાન બનેલું સર્વવેદાન્ત, પ્રતિપાદ્ય-વ્યાપક (અક્ષરબ્રહ્મ) ન સત્ કહેવાય છે (તો પછી તે અસત્ કહેવાશે ? તો કહે છે-) (તે) અસત્ (પણ) નથી કહેવાતું (પરન્તુ તે બન્ને વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે તેથી સત્-અસત્ની અનિશ્ચય ઉક્તિ હોવાથી દુર્જ્ઞેય હોઈ તેનું બ્રહ્મત્વ પ્રતિપાદન કર્યું છે). ॥ ૧૩ ॥

સર્વતઃ પાણિપાદાન્તં સર્વતોડક્ષિશિરોમુખમ્ ।
સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ॥ ૧૪ ॥

અન્વય	અર્થ
સર્વતઃ - પાણિપાદાન્તમ્	સાકાર જ સર્વત્ર પ્રદેશમાં હાથો-પગોના અન્તોવાળું (અન્ત પદથી તેમની ગતિ-કૃતિ લક્ષણવાળી ક્રિયા સર્વત્ર જ છે અને તેમની ઈચ્છાથી જ પરિચ્છેદનું અવભાન થાય છે) (તેમજ આ બે વિશેષણોથી સર્વત્ર ક્રિયા શક્તિ છે અને સર્વ સેવ્ય છે એમ જણાવ્યું છે)
સર્વતોડક્ષિશિરોમુખમ્	(અને) સર્વતઃ દરેક બાજુથી આંખ, મસ્તક અને મુખવાળું (આમ કહી જ્ઞાનપ્રાધાન્ય અને ભોગ સર્વત્ર છે એમ જણાવ્યું છે)

સર્વતઃ-શ્રુતિમત્	(તથા) સર્વતઃ દરેક બાજુથી શ્રવણ ઈન્દ્રિયથી યુક્ત
લોકે	(પોતાના-સ્વકીય) લોકમાં
સર્વમ્	બધામાં જ
આવૃત્ય	(સર્વેન્દ્રિયોથી યુક્ત જ) વ્યાપીને
તિષ્ઠતિ	રહે છે ॥ ૧૪ ॥

ભાવાર્થ – સાકાર જ સર્વત્ર પ્રદેશમાં હાથો-પગોના અન્તોવાળું (અન્ત પદથી તેમની ગતિ-કૃતિ લક્ષણવાળી ક્રિયા સર્વત્ર જ છે અને તેમની ઈચ્છાથી જ પરિચ્છેદનું અવભાન થાય છે) (તેમજ આ બે વિશેષણોથી સર્વત્ર ક્રિયાશક્તિ છે અને સર્વસેવ્યત્વ છે એમ જણાવ્યું છે) (અને) સર્વતઃ દરેક બાજુથી આંખ, મસ્તક અને મુખવાળું (આમ કહી જ્ઞાનપ્રાધાન્ય અને ભોગ સર્વત્ર છે એમ જણાવ્યું છે) (તથા) સર્વતઃ દરેક બાજુથી શ્રવણ ઈન્દ્રિયથી યુક્ત (પોતાના-સ્વકીય) લોકમાં બધામાં જ (સર્વેન્દ્રિયોથી યુક્ત જ) વ્યાપીને રહે છે. ॥ ૧૪ ॥

સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવિવર્જિતમ્ ।
અસક્તં સર્વભૃત્ ચૈવ નિર્ગુણં ગુણભોક્તૃ ચ ॥ ૧૫ ॥

અન્વય	અર્થ
સર્વેન્દ્રિય-ગુણાભાસમ્	સર્વ ઈન્દ્રિયોના એટલે કે ચક્ષુ વગેરેના ગુણોમાં એટલે કે રૂપ વગેરેમાં ભાસમાન (આમ કહીને જ્યાં પણ સૌંદર્ય વગેરે જે કંઈક પણ છે તે બધું જ ભગવાનના સમ્બન્ધથી જ છે એમ જણાવ્યું છે)
સર્વેન્દ્રિય-	(છતાં પણ તે) સર્વ ઈન્દ્રિયોથી રહિત છે (એટલે કે તે લૌકિક

વિવર્જિતમ્	ઈન્દ્રિયોથી યુક્ત છે તેમ નહીં પણ અલૌકિક ઈન્દ્રિયોથી યુક્ત છે એમ જણાવ્યું છે)
ચ	અને
અસક્તમ્	સર્વત્ર આસક્તિ રહિત હોઈને (આમ કહી તેમાં સંગનો અભાવ છે એમ જણાવ્યું છે)
સર્વભૃત્	સર્વનો આધાર બનેલું, (તો પછી સર્વનો આધાર હોઈ તેમાં સગુણપણું પ્રાપ્ત થશે ? તો કહે છે-)
નિર્ગુણમ્	તે સત્ત્વ વગેરે ગુણોથી રહિત નિર્ગુણ છે, (આમ કહેવાથી ગુણોની વ્યર્થતા સિદ્ધ થશે ? તો કહે છે -)
ચ	અને (તે ગુણોના પાલનપૂર્વક)
ગુણભોક્તૃ	તે ગુણોમાં રહીને તેનો ભોગ
એવ	(પણ) તે જ કરે છે ॥ ૧૫ ॥

ભાવાર્થ – સર્વ ઈન્દ્રિયોના એટલે કે ચક્ષુ વગેરેના ગુણોમાં એટલે કે રૂપ વગેરેમાં ભાસમાન (આમ કહીને જ્યાં પણ સૌંદર્ય વગેરે જે કંઈક પણ છે તે બધું જ ભગવાનના સમ્બન્ધથી જ છે એમ જણાવ્યું છે) (છતાં પણ તે) સર્વ ઈન્દ્રિયોથી રહિત છે (એટલે કે તે લૌકિક ઈન્દ્રિયોથી યુક્ત છે તેમ નહીં પણ અલૌકિક ઈન્દ્રિયોથી યુક્ત છે એમ જણાવ્યું છે) અને સર્વત્ર આસક્તિ રહિત હોઈને (આમ કહી તેમાં સંગનો અભાવ છે એમ જણાવ્યું છે) સર્વનો આધાર બનેલું, (તો પછી સર્વનો આધાર હોઈ તેમાં સગુણપણું પ્રાપ્ત થશે ? તો કહે છે-) તે સત્ત્વ વગેરે ગુણોથી રહિત નિર્ગુણ છે, (આમ કહેવાથી ગુણોની વ્યર્થતા સિદ્ધ થશે ? તો કહે છે -) અને (તે ગુણોના પાલનપૂર્વક) તે ગુણોમાં રહીને તેનો ભોગ (પણ) તે જ કરે છે ॥ ૧૫ ॥

બહિરન્તશ્ચ ભૂતાનામચરં ચરમેવ ચ ।
સૂક્ષ્મત્વાત્ તદવિજ્ઞેયં દૂરસ્થં ચાન્તિકે ચ તત્ ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
ભૂતાનામ્	ચર-અચર સર્વ ભૂતોના
બહિઃ	(ભોક્તૃપણાએ) બહાર,
અન્તઃ	(આત્મરૂપે) અન્દર (પણ તે જ છે)
ચ	અને (આમ કહેતાં બહાર-અન્દર ભિન્નતાએ સ્થિત હોતાં વ્યાપકપણામાં વાંધો આવશે ? તો કહે છે -)
અચરમ્	અચર (સ્થાવર),
ચરમ્	ચર (જંગમ પણ)
એવ	તે જ છે ('એવ'કારથી સ્થાવરત્વ સહિત જંગમત્વ, જંગમત્વ સહિત સ્થાવરત્વ એમ તે બ્રહ્મમાં વિરુદ્ધધર્માશ્રયપણું જ્ઞાપિત કર્યું છે),
ચ	અને
તત્	તે બ્રહ્મ
સૂક્ષ્મત્વાત્	ત્યાં-ત્યાં લીલા માટેના રૂપ વડે સૂક્ષ્મ હોવાથી
અવિજ્ઞેયમ્	(સાધનના અભાવમાં) અવિજ્ઞેય એટલે કે વિશેષ રૂપે જાણવું અશક્ય છે તેવું છે
ચ	અને
દૂરસ્થમ્	(બહિર્મુખ લોકો માટે અથવા તો મર્યાદામાં રહેલાઓ માટે) દૂર સ્થિત છે
ચ	અને
અન્તિકે	(ભક્તોને માટે અથવા તો પુષ્ટિસ્થ લોકો માટે) નિકટમાં પણ
તત્	તે જ છે (અથવા તો નિકટ-દૂરની બન્ને સ્થિતિ પુષ્ટિમાર્ગીયો માટે કહી છે - વિરહદશામાં અતિતાપ વડે આગળ કરાયેલ તથા તે વિરહરીતિએ દૂરસ્થ છે અને હૃદયમાં પરોક્ષરીતિએ નિકટ છે) ॥ ૧૬ ॥

ભાવાર્થ – ચર-અચર સર્વ ભૂતોના (ભોક્તૃપણાએ) બહાર, (આત્મરૂપે) અન્દર (પણ તે જ છે) અને (આમ કહેતાં બહાર-અન્દર ભિન્નતાએ સ્થિત હોતાં વ્યાપકપણામાં વાંધો આવશે ? તો કહે છે -) અચર (સ્થાવર), ચર (જંગમ પણ) તે જ છે ('એવ'કારથી સ્થાવરત્વ સહિત જંગમત્વ, જંગમત્વ સહિત સ્થાવરત્વ એમ તે બ્રહ્મમાં વિરુદ્ધધર્માશ્રયપણું જ્ઞાપિત કર્યું છે), અને તે બ્રહ્મ ત્યાં-ત્યાં લીલા માટેના રૂપ વડે સૂક્ષ્મ હોવાથી (સાધનના અભાવમાં) અવિજ્ઞેય એટલે કે વિશેષ રૂપે જાણવું અશક્ય છે તેવું છે અને (બહિર્મુખ લોકો માટે અથવા તો મર્યાદામાં રહેલાઓ માટે) દૂર સ્થિત છે અને (ભક્તોને માટે અથવા તો પુષ્ટિસ્થ લોકો માટે) નિકટમાં પણ તે જ છે (અથવા તો નિકટ-દૂરની બન્ને સ્થિતિ પુષ્ટિમાર્ગીયો માટે કહી છે - વિરહદશામાં અતિતાપ વડે આગળ કરાયેલ તથા તે વિરહરીતિએ દૂરસ્થ છે અને હૃદયમાં પરોક્ષરીતિએ નિકટ છે). ॥ ૧૬ ॥

અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્ ।
ભૂતભર્તૃ ચ તજ્જ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ ॥ ૧૭ ॥

અન્વય	અર્થ
ભૂતેષુ	સ્થાવર-જંગમ રૂપ ભૂતોમાં
અવિભક્તમ્	(પોતાની લીલાને અર્થે સ્વરૂપાત્મકતાથી તે સ્થાવર-જંગમ રૂપ ભૂતોને સર્વને પોતે જ પ્રકટ કરેલા હોવાથી

	અભિન્નપણાએ) અવિભક્ત એટલે કે વિભાગરહિત હોઈને
ચ	પણ
વિભક્તમ્	(દરેક જુદા-જુદા ભૂતોમાં જુદા-જુદા રૂપે) વિભક્ત
ઈવ	સમાન (જાણે કે વિભક્ત હોય તે રૂપે)
સ્થિતમ્	સ્થિત છે (અહીં 'ઈવ' પદથી તે વિભક્ત જેવું પ્રદર્શન પોતાની સ્વેચ્છાએ જ કરે છે એમ જ્ઞાપિત કર્યું છે)
ચ	વળી
તત્	તે (પૂર્વોક્ત)
જ્ઞેયમ્	જાણવા યોગ્ય-જ્ઞેય, બ્રહ્મ
ભૂતભર્તૃ	ભૂતોનું રક્ષક-પોષક છે ('ભર્તૃ' પદથી તે બ્રહ્મ રમણશીલ છે તેથી રમણને અર્થે જ સ્થિતિકાળમાં રક્ષક છે)
ચ	અને
ગ્રસિષ્ણુ	વિયોગાત્મક પ્રલયકાળમાં ગ્રસનશીલ છે
ચ	અને
પ્રભવિષ્ણુ	લીલાત્મક રસદાનાત્મક કાળમાં વિવિધ સ્વરૂપે પ્રભવનશીલ (પણ) છે ।। ૧૭ ।।

ભાવાર્થ – સ્થાવર-જંગમ રૂપ ભૂતોમાં (પોતાની લીલાને અર્થે સ્વરૂપાત્મકતાથી તે સ્થાવર-જંગમ રૂપ ભૂતોને સર્વને પોતે જ પ્રકટ કરેલા હોવાથી અભિન્નપણાએ) અવિભક્ત એટલે કે વિભાગરહિત હોઈને પણ (દરેક જુદા-જુદા ભૂતોમાં જુદા-જુદા રૂપે) વિભક્ત સમાન (જાણે કે વિભક્ત હોય તે રૂપે) સ્થિત છે (અહીં 'ઈવ' પદથી તે વિભક્ત જેવું પ્રદર્શન પોતાની સ્વેચ્છાએ જ કરે છે એમ જ્ઞાપિત કર્યું છે). વળી તે (પૂર્વોક્ત) જાણવા યોગ્ય જ્ઞેય બ્રહ્મ ભૂતોનું રક્ષક-પોષક છે ('ભર્તૃ' પદથી તે બ્રહ્મ રમણશીલ છે તેથી રમણને અર્થે જ સ્થિતિકાળમાં રક્ષક છે) અને વિયોગાત્મક પ્રલયકાળમાં ગ્રસનશીલ છે અને લીલાત્મક રસદાનાત્મક કાળમાં વિવિધ સ્વરૂપે પ્રભવનશીલ (પણ) છે ।। ૧૭ ।।

જ્યોતિષામપિ તજ્જ્યોતિઃ તમસઃ પરમુચ્યતે ।
જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય વિષ્ઠિતમ્ ।। ૧૮ ।।

અન્વય	અર્થ
જ્યોતિષામ્	રવિ, ચન્દ્ર વગેરે પ્રકાશમાનોને
અપિ	પણ
તત્	તે (જ બ્રહ્મ)
જ્યોતિઃ	જ્યોતિરૂપ-પ્રકાશનાર છે (અને)
તમસઃ	પ્રકૃતિથી
પરમ્	પર, ઉપર-ઉત્કૃષ્ટ
ઉચ્યતે	કહેવામાં આવે છે, (તો પછી જ્યારે તે બ્રહ્મ જ બધાને પ્રકાશનાર છે ત્યારે તેમના જ વિવિધ સ્વરૂપાત્મક એવા બધાને કેમ તેવું જ્ઞાન થતું નથી - તો કહે છે-)
જ્ઞાનમ્	(તેમજ) બુદ્ધિ-વૃત્તિ-અભિવ્યક્તિ સ્વરૂપ (પણ તે જ છે) (તેથી કરીને જ્યાં સ્વરૂપજ્ઞાપનની તેની ઈચ્છા છે ત્યાં જ તે રૂપે આવિર્ભૂત થાય છે),

જ્ઞેયમ્	તેવી જ રીતે તે જાણવા યોગ્યરૂપે છે, (તેમ છતાં પણ તે પુરુષોત્તમ ગૃહાત્મક છે તે કહે છે -)
જ્ઞાનગમ્યમ્	પૂર્વોક્ત જ્ઞાન વડે જ તે ગમ્ય-એટલે કે પ્રાપ્ય છે (આ રીતે આ બ્રહ્મનું અક્ષરાત્મકપણું જ્ઞાપિત કર્યું છે), (પૂર્વમાં આ બ્રહ્મ જ્ઞાનરૂપ હોવાથી બધા વડે અગમ્ય છે એમ કહ્યું, તો પછી તે જ્ઞાનગમ્ય કઈ રીતે ? તો કહે છે -)
સર્વસ્ય	સર્વ પ્રાણિમાત્રના
હૃદિ	હૃદયમાં
વિષ્ઠિતમ્	અધિષ્ઠિત છે - સર્વના પ્રેરક રૂપમાં સ્થિત છે (તેથી જ્યાં સ્વરૂપજ્ઞાપનની ઈચ્છા છે ત્યાં જ્ઞાનરૂપે આવિર્ભૂત થાય છે અને જ્યાં તેવી ઈચ્છા નથી ત્યાં આચ્છાદક રૂપે હોય છે. ॥ ૧૮ ॥

ભાવાર્થ – રવિ, ચન્દ્ર વગેરે પ્રકાશમાનોને પણ તે (જ બ્રહ્મ) જ્યોતિરૂપ-પ્રકાશનાર છે (અને) પ્રકૃતિથી પર, ઉપર-ઉત્કૃષ્ટ કહેવામાં આવે છે, (તો પછી જ્યારે તે બ્રહ્મ જ બધાને પ્રકાશનાર છે ત્યારે તેમના જ વિવિધ સ્વરૂપાત્મક એવા બધાને કેમ તેવું જ્ઞાન થતું નથી - તો કહે છે-) (તેમજ) બુદ્ધિ-વૃત્તિ-અભિવ્યક્તિ-સ્વરૂપ (પણ તે જ છે) (તેથી કરીને જ્યાં સ્વરૂપ જ્ઞાપનની તેની ઈચ્છા છે ત્યાં જ તે રૂપે આવિર્ભૂત થાય છે), તેવી જ રીતે તે જાણવા યોગ્યરૂપે છે, (તેમ છતાં પણ તે પુરુષોત્તમ-ગૃહાત્મક છે તે કહે છે -) પૂર્વોક્ત જ્ઞાન વડે જ તે ગમ્ય-એટલે કે પ્રાપ્ય છે (આ રીતે આ બ્રહ્મનું અક્ષરાત્મકપણું જ્ઞાપિત કર્યું છે), (પૂર્વમાં આ બ્રહ્મ જ્ઞાનરૂપ હોવાથી બધા વડે અગમ્ય છે એમ કહ્યું, તો પછી તે જ્ઞાનગમ્ય કઈ રીતે ? તો કહે છે -) સર્વ પ્રાણિમાત્રના હૃદયમાં અધિષ્ઠિત છે - સર્વના પ્રેરક રૂપમાં સ્થિત છે (તેથી જ્યાં સ્વરૂપજ્ઞાપનની ઈચ્છા છે ત્યાં જ્ઞાનરૂપે આવિર્ભૂત થાય છે અને જ્યાં તેવી ઈચ્છા નથી ત્યાં આચ્છાદક રૂપે હોય છે ॥ ૧૮ ॥

(હવે આ બધી વાતોનો ઉપસંહાર કરતાં કહે છે -)

ઈતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ।
મદ્ભક્ત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
ઈતિ	આ પ્રકારે
ક્ષેત્રમ્	('મહાભૂતાનિ' (૧૩-૬) વગેરેથી) ક્ષેત્રને,
તથા	તથા
જ્ઞાનમ્	('અમાનિત્વં' (૧૩-૮) વગેરેથી) જ્ઞાનને
ચ	અને
જ્ઞેયમ્	(અનાદિમત્પરં બ્રહ્મ (૧૩-૧૩) વગેરેથી) જ્ઞેય-જાણવા યોગ્યને ('ચ'કારથી બધું જ અક્ષરાત્મક છે એમ)
સમાસતઃ	સંક્ષેપમાં
ઉક્તમ્	(સૌકર્યના બોધ અર્થે) કહ્યું, (તે જેને માટે - અર્થે કહ્યું તે કહે છે -)
એતત્	આ (અહીં) કહેવાયેલ રૂપે
વિજ્ઞાય	વિશેષ પ્રકારે જાણીને (વિશેષ પ્રકારે-મારી વિભૂતિ અક્ષરાત્મક રૂપે જાણીને)
મદ્ભક્તઃ	મારો ભજનશીલ ભક્ત

મદ્ભાવાય	ભાવાત્મક સ્વરૂપ લાભને માટે
ઉપપદ્યતે	યોગ્ય અથવા સમર્થ થાય છે ।। ૧૯ ।।

ભાવાર્થ – (હવે આ બધી વાતોનો ઉપસંહાર કરતાં કહે છે -) આ પ્રકારે ('મહાભૂતાનિ' (૧૩-૬) વગેરેથી) ક્ષેત્રને, તથા ('અમાનિત્વં' (૧૩-૮) વગેરેથી) જ્ઞાનને અને (અનાદિમત્પરં બ્રહ્મ (૧૩-૧૩) વગેરેથી) જ્ઞેય-જાણવા યોગ્યને ('ચ'કારથી બધું જ અક્ષરાત્મક છે એમ)સંક્ષેપમાં (સૌકર્યના બોધ અર્થે) કહ્યું, (તે જેને માટે-અર્થે કહ્યું તે કહે છે-) આ (અહીં) કહેવાયેલ રૂપે વિશેષ પ્રકારે જાણીને (વિશેષ પ્રકારે-મારી વિભૂતિ અક્ષરાત્મક રૂપે જાણીને) મારો ભજનશીલ ભક્ત ભાવાત્મક સ્વરૂપ લાભને માટે યોગ્ય અથવા સમર્થ થાય છે ।। ૧૯ ।।

(પૂર્વમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞની વાત કહેવાઈ તે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ સંજ્ઞા કેમ છે તે જણાવે છે પાંચ શ્લોકો વડે -)

પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધ્યનાદી ઉભાવપિ ।
વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસંભવાન્ ।। ૨૦ ।।

અન્વય	અર્થ
પ્રકૃતિમ્	સર્વ કંઈ ઉત્પન્ન કરવા સમર્થ, વ્યાપકત્વ વગેરે ધર્મોથી યુક્ત, ભગવત્શક્તિ-પ્રકૃતિને
ચ	અને
પુરુષમ્	તેના રસનો ભોગ કરનાર-ભોક્તૃઅંશરૂપ, ભગવદંશ (જીવ) પુરુષને
ઉભૌ	આ બન્નેને
એવ	જ (તું)
અનાદી	અનાદિ
વિદ્ધિ	જાણ
ચ	અને
વિકારાન્	સેવામાં ઉપયોગી એવા દેહ-ઈન્દ્રિય વગેરે વિકારોને
ચ	તથા
ગુણાન્	મોહસ્વરૂપના સુખ-દુઃખ વગેરે ગુણોને
પ્રકૃતિસંભવાન્	પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા
એવ	જ
વિદ્ધિ	જાણ ।। ૨૦ ।।

ભાવાર્થ – (પૂર્વમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞની વાત કહેવાઈ તે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ સંજ્ઞા કેમ છે તે જણાવે છે-પાંચ શ્લોકો વડે -) સર્વ કંઈ ઉત્પન્ન કરવા સમર્થ, વ્યાપકત્વ વગેરે ધર્મોથી યુક્ત, ભગવત્શક્તિ-પ્રકૃતિને અને તેના રસનો ભોગ કરનાર-ભોક્તૃઅંશરૂપ, ભગવદંશ (જીવ) પુરુષને-આ બન્નેને જ (તું) અનાદિ જાણ અને સેવામાં ઉપયોગી એવા દેહ-ઈન્દ્રિય વગેરે વિકારોને તથા મોહસ્વરૂપના સુખ-દુઃખ વગેરે ગુણોને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા જ જાણ. ।। ૨૦ ।।

કાર્ય-કારણ-કર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે ।
પુરુષઃ સુખ-દુઃખાનાં ભોક્તૃત્વે હેતુરુચ્યતે ।। ૨૧ ।।

અન્વય	અર્થ
કાર્ય-	સ્વરસાનુભવાત્મક અથવા બન્ધ-મોક્ષરૂપ કાર્ય (અને)
કારણ-	દેહ-ગુણ વગેરેને

કર્તૃત્વે	ઉત્પન્ન કરવામાં (ઉત્પન્ન કરનાર તરીકે)
હેતુઃ	મૂલ કારણ અથવા સ્રોત
પ્રકૃતિઃ	(પૂર્વમાં કહેવાયેલી ભગવત્શક્તિ) પ્રકૃતિ
ઉચ્યતે	કહેવાય છે (અને)
પુરુષઃ	પુરુષ-જીવ
સુખદુઃખાનામ્	સંગમ વગેરે સુખ અને વિરહ વગેરે દુઃખોના
ભોક્તૃત્વે	સુખ-દુઃખાત્મક રસને જાણવામાં અથવા તેના ભોગમાં
હેતુઃ	મૂલ કારણ-હેતુ
ઉચ્યતે	કહેવાય છે ।। ૨૧ ।।

ભાવાર્થ – સ્વરસાનુભવાત્મક અથવા બન્ધ-મોક્ષરૂપ કાર્ય (અને) દેહ-ગુણ વગેરેને ઉત્પન્ન કરવામાં (ઉત્પન્ન કરનાર તરીકે) મૂલ કારણ અથવા સ્રોત (પૂર્વમાં કહેવાયેલી ભગવત્શક્તિ) પ્રકૃતિ કહેવાય છે (અને) પુરુષ-(જીવ) સંગમ વગેરે સુખ અને વિરહ વગેરે દુઃખોના સુખ-દુઃખાત્મક રસને જાણવામાં અથવા તેના ભોગમાં મૂલ કારણ-હેતુ કહેવાય છે ।। ૨૧ ।।

પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુંક્તે પ્રકૃતિજાન્ ગુણાન્ ।
કારણં ગુણસઙ્ગોડસ્ય સદસદ્યોનિજન્મસુ ।। ૨૨ ।।

અન્વય	અર્થ
પુરુષ	પુરુષ-જીવ (અથવા પુરુષ-જીવ રૂપે પ્રકટ ભગવાન્)
પ્રકૃતિસ્થઃ	ક્ષેત્રરૂપ પ્રકૃતિમાં સ્થિત થઈને
પ્રકૃતિજાન્	પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા (અથવા સત્ત્વ વગેરે પરિણામરૂપ)

ગુણાન્	ગુણોને
ભુંક્તે	ભોગવે છે (અને આ)
ગુણસંગઃ	ગુણોનો સંગ (ગુણો તરફની આસક્તિ) (જ)
અસ્ય	(તિરોહિત-અક્ષર-સ્વભાવ એવા) જીવને
સદસદ્યોનિ-જન્મસુ	દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, અસુર વગેરે સદ્ તથા અસદ્ યોનિઓમાં જન્મ થવાનું
કારણમ્	કારણ છે ।। ૨૨ ।।

ભાવાર્થ – પુરુષ-જીવ (અથવા પુરુષ-જીવ રૂપે પ્રકટ ભગવાન્) ક્ષેત્રરૂપ પ્રકૃતિમાં સ્થિત થઈને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા (અથવા સત્ત્વ વગેરે પરિણામરૂપ) ગુણોને ભોગવે છે (અને આ) ગુણોનો સંગ (ગુણો તરફની આસક્તિ) (જ) તિરોહિત-અક્ષર-સ્વભાવ એવા) જીવને દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, અસુર વગેરે સદ્ તથા અસદ્ યોનિઓમાં જન્મ થવાનું કારણ છે ।। ૨૨ ।।

ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ ।
પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેડસ્મિન્ પુરુષઃ પરઃ ।।૨૩ ।।

અન્વય	અર્થ
પરઃપુરુષઃ	પર પુરુષ-પુરુષોત્તમ
અસ્મિન્	આ
દેહે	દેહમાં
ઉપદ્રષ્ટા	(દેહ વગેરે સર્વ કંઈ ભગવાનમાં નિવેદન કરીને ભગવાને

	આપેલા પ્રસાદરૂપમાં સેવાને અર્થે ઉપયોગી ભોગ કરનારનો, તેનો મુખ્ય સેવામાં ઉપયોગ કરાવનાર) સાક્ષી,
ચ	અને
અનુમન્તા	(કરાયેલા સમર્પણથી પ્રસન્ન થયેલા અને તેથી યથાર્થ સમ્મતિ-સહમતિ આપનાર) અનુમન્તા,
ભર્તા	(તેવી જ રીતે પતિના રૂપમાં) ધારણ-પોષણ કરનારા ભર્તા,
ભોક્તા	(તેવી જ રીતે પૂર્વોક્ત સર્વ સમર્પણકર્તા ભક્તને માટે આ મારો છે તેવા જ્ઞાન વડે) રક્ષા કરનાર,
મહેશ્વરઃ	(બ્રહ્મા વગેરે સર્વ નિયન્તા-પ્રેરક-ઈશ્વરોના પણ ઈશ્વર-સ્વામી) મહેશ્વર (‘મહાંશ્ચ અસૌ ઈશ્વરશ્ચ સઃ’)
ચ	અને
પરમાત્મા	આ દેહમાં-વૃક્ષરૂપ દેહમાં જીવાત્મારૂપ એક પક્ષીની સાથે સાક્ષીરૂપ બીજું પક્ષી અન્તર્યામીરૂપે જીવાત્માથી અલગ-પર, તે ઉપર જાણાવેલ બધા જ ધર્મોથી યુક્ત મિત્રરૂપે) પરમાત્મા
અપિ	એમ પણ
ઉક્તઃ	કહેવામાં આવ્યું છે ॥ ૨૩ ॥

ભાવાર્થ – પર પુરુષ-પુરુષોત્તમ આ દેહમાં (દેહ વગેરે સર્વ કંઈ ભગવાનમાં નિવેદન કરીને ભગવાને આપેલા પ્રસાદરૂપમાં સેવાને અર્થે ઉપયોગી ભોગ કરનારનો, તેનો મુખ્ય સેવામાં ઉપયોગ કરાવનાર) સાક્ષી, અને (કરાયેલા સમર્પણથી પ્રસન્ન થયેલા અને તેથી યથાર્થ સમ્મતિ-સહમતિ આપનાર) અનુમન્તા, (તેવી જ રીતે પતિના રૂપમાં) ધારણ-પોષણ કરનારા ભર્તા, (તેવી જ રીતે પૂર્વોક્ત સર્વ સમર્પણકર્તા ભક્તનેમાટે આ મારો છે તેવા જ્ઞાન વડે) રક્ષા કરનાર, (બ્રહ્મા વગેરે સર્વ નિયન્તા-પ્રેરક-ઈશ્વરોના પણ ઈશ્વર-સ્વામી) મહેશ્વર (‘મહાંશ્ચ અસૌ ઈશ્વરશ્ચ સઃ’) અને દેહમાં-વૃક્ષરૂપ દેહમાં જીવાત્મારૂપ એક પક્ષીની સાથે સાક્ષીરૂપ બીજું પક્ષી અન્તર્યામીરૂપે જીવાત્માથી અલગ પર, તે ઉપર જાણાવેલ બધા જ ધર્મોથી યુક્ત મિત્રરૂપે) પરમાત્મા એમ પણ કહેવામાં આવ્યું છે ॥ ૨૩ ॥

ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ ।
સર્વથા વર્તમાનોડપિ ન સ ભૂયોડભિજાયતે ॥ ૨૪ ॥

અન્વય	અર્થ
એવમ્	આ પ્રકારે - પૂર્વોક્ત પ્રમાણે
યઃ	જે
પુરુષમ્	પુરુષને
ચ	અને
ગુણૈઃ	ગુણોની
સહ	સાથે
પ્રકૃતિમ્	પ્રકૃતિને
વેત્તિ	(ભગવદ્રૂપે) જાણે છે, (જાણીને તે મુજબ)
સર્વથા	સર્વ પ્રકારે

વર્તમાનઃ	વર્તીને (આચરણશીલ થઈને)
અપિ	પણ
સઃ	તે
ભૂયઃ	ફરીથી
અભિજાયતે	સંસારમાં ઉત્પન્ન
ન	થતો નથી ।। ૨૪ ।।

ભાવાર્થ – આ પ્રકારે - પૂર્વોક્ત પ્રમાણે જે પુરુષને અને ગુણોની સાથે પ્રકૃતિને (ભગવદ્રૂપે) જાણે છે, (જાણીને તે મુજબ) સર્વ પ્રકારે વર્તીને (આચરણશીલ થઈને) પણ તે ફરીથી સંસારમાં ઉત્પન્ન થતો નથી ।। ૨૪।।

(જો આ પ્રમાણે જ્ઞાન વડે જ મુક્તિ થાય છે તો પછી તે સિવાયનાં બીજાં સાધનોની અપ્રયોજક્તા થઈ જશે ? એવી શંકાના સમાધાનમાં સાધનોના સ્વરૂપને કહે છે -)

ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાંખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ।। ૨૫।।

અન્વય	અર્થ
કેચિત્	કેટલાક (જ્ઞાનીજનો)
ધ્યાનેન	ધ્યાન વડે (બુદ્ધિ વડે માનસી ભગવન્મૂર્તિની રચના કરીને)
આત્મનિ	પોતાનાં જ હૃદયમાં
આત્મના	મન વડે
આત્માનમ્	આત્મરૂપ ભગવાનને
પશ્યન્તિ	જુએ છે, (તથા)
અન્યે	બીજા કેટલાક લોકો
સાંખ્યેન યોગેન	નિત્ય-અનિત્યવસ્તુવિવેકરૂપ યોગ વડે (તે મુજબ જુએ છે)
ચ	અને
અપરે	તે સિવાયના બીજા કેટલાક લોકો
કર્મયોગેન	કર્મમાં કર્માત્મક પ્રકટ થયેલા રૂપ-યોગ વડે તે રૂપને (જુએ છે) ।। ૨૫ ।।

ભાવાર્થ – (જો આ પ્રમાણે જ્ઞાન વડે જ મુક્તિ થાય છે તો પછી તે સિવાયનાં બીજાં સાધનોની અપ્રયોજક્તા થઈ જશે ? એવી શંકાના સમાધાનમાં સાધનોના સ્વરૂપને કહે છે -) કેટલાક (જ્ઞાનીજનો) ધ્યાન વડે (બુદ્ધિ વડે માનસી ભગવન્મૂર્તિની રચના કરીને) પોતાનાં જ હૃદયમાં મન વડે-જુએ છે, (તથા) બીજા કેટલાક લોકો નિત્ય-અનિત્ય-વસ્તુ-વિવેકરૂપ યોગ વડે (તે મુજબ જુએ છે) અને તે સિવાયના બીજા કેટલાક લોકો કર્મમાં કર્માત્મક પ્રકટ થયેલા રૂપ-યોગ વડે તે રૂપને (જુએ છે). ।। ૨૫ ।।

અન્યે ત્વેવમજાનન્તઃ શ્રુત્વાડન્યેભ્ય ઉપાસતે ।
તેડપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ।। ૨૬ ।।

અન્વય	અર્થ
તુ	પરંતુ

અન્યે	અલ્પ બુદ્ધિવાળા લોકો
એવમ્	(સ્વયં) આ પ્રકારે
અજાનન્તઃ	નહીં જાણતા
અન્યેભ્યઃ	બીજાઓથી-ગુરુજનોથી અથવા તત્ત્વના ઉપદેષ્ટાઓથી
શ્રુત્વા	(અનુભવ વિના માત્ર) સાંભળીને (પૂર્વમાં જણાવેલા પ્રકારે)
ઉપાસતે	ઉપાસના કરે છે
ચ	અને
તે	તે લોકો
શ્રુતિપરાયણાઃ	(ગુરુજનો દ્વારા શ્રુતિ અનુસાર કહેવાયેલ વાતને શ્રદ્ધાપૂર્વક સ્વીકારીને) તે શ્રુતિ-વેદ અનુસાર સર્વ કરનારાઓ છે, તે લોકો
અપિ	પણ
મૃત્યુમ્	મૃત્યુરૂપ સંસાર સાગરને
અતિતરન્તિ એવ	તરી જાય છે-સંસારથી મુક્ત થાય છે ॥ ૨૬ ॥

ભાવાર્થ – પરંતુ અલ્પ બુદ્ધિવાળા લોકો (સ્વયં) આ પ્રકારે નહીં જાણતાં બીજાઓથી-ગુરુજનોથી અથવા તત્ત્વના ઉપદેષ્ટાઓથી (અનુભવવિના માત્ર) સાંભળીને (પૂર્વમાં જણાવેલા પ્રકારે) ઉપાસના કરે છે અને તે લોકો (ગુરુજનો દ્વારા શ્રુતિ અનુસાર કહેવાયેલ વાતને શ્રદ્ધાપૂર્વક સ્વીકારીને) તે શ્રુતિ-વેદ અનુસાર સર્વ કરનારાઓ છે, તે લોકો પણ મૃત્યુરૂપ સંસાર સાગરને તરી જાય છે-સંસારથી મુક્ત થાય છે ॥ ૨૬ ॥

યાવત્ સંજાયતે કિંચિત્ સત્ત્વં સ્થાવરજંગમમ્ ।
ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્ તદ્વિદ્ધિ ભરતર્ષભ ॥ ૨૭ ॥

અન્વય	અર્થ
ભરતર્ષભ	આ પ્રકારના જ્ઞાનને યોગ્ય હે ભરતર્ષભ !
યાવત્	યાવન્માત્ર
સત્ત્વમ્	વસ્તુ
સ્થાવર-જંગમમ્	સ્થાવર-જંગમ
કિંચિત્	જે કંઈ પણ
સંજાયતે	ઉત્પન્ન થાય છે
તત્	તે (બધું જ)
ક્ષેત્રક્ષેત્રજ્ઞઃ-સંયોગાત્	ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના પૂર્વોક્ત સંયોગથી (ક્રીડાર્થક મારા સંયોગથી ઉત્પન્ન થયેલું)
વિદ્ધિ	(તું) જાણ ॥ ૨૭ ॥

ભાવાર્થ – આ પ્રકારના જ્ઞાનને યોગ્ય હે ભરતર્ષભ ! યાવન્માત્ર વસ્તુ સ્થાવર-જંગમ જે કંઈ પણ ઉત્પન્ન થાય છે તે (બધું જ) ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના પૂર્વોક્ત સંયોગથી (ક્રીડાર્થક મારા સંયોગથી ઉત્પન્ન થયેલું) (તું) જાણ ॥ ૨૭ ॥

સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્તં પરમેશ્વરમ્ ।
વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ ॥ ૨૮ ॥

અન્વય	અર્થ
યઃ	જે
સર્વેષુ	પ્રપંચાન્તઃપાતિ સ્થાવર-જંગમ સર્વ
ભૂતેષુ	ભૂતોમાં
નશ્યત્સુ	નાશવાન્ ઉચ્ચ-નીચ ભાવવાળા પ્રકૃતિકાર્ય શરીરોમાં
અવિનશ્યન્તમ્	નાશરહિત
પરમેશ્વરમ્	પરમેશ્વર-પરમાત્માને
સમમ્	ઉચ્ચ-નીચધર્મ વગેરેથી રહિત-સમભાવે
તિષ્ઠન્તમ્	પોતાની લીલા વડે અનેકવિધ રસભોગને અર્થે સ્થિત સ્વરૂપમાં
પશ્યતિ	જુએ છે
સઃ	તે
પશ્યતિ	જુએ છે (વાસ્તવમાં જોનાર તે છે) ॥ ૨૮ ॥

ભાવાર્થ – જે પ્રપંચાન્તઃપાતિ સ્થાવર-જંગમ સર્વ ભૂતોમાં નાશવાન્ ઉચ્ચ-નીચ ભાવવાળા પ્રકૃતિકાર્ય શરીરોમાં નાશરહિત પરમેશ્વર-પરમાત્માને ઉચ્ચ-નીચ-ધર્મ વગેરેથી રહિત-સમભાવે પોતાની લીલા વડે અનેકવિધ રસ ભોગને અર્થે સ્થિત સ્વરૂપમાં જુએ છે તે જુએ છે (વાસ્તવમાં જોનાર તે છે) ॥ ૨૮ ॥

સમં પશ્યન્ હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્ ।
ન હિનસ્ત્યાત્મનાઽઽત્માનં તતો યાતિ પરાં ગતિમ્ ॥ ૨૯॥

અન્વય	અર્થ
હિ	કારણ કે
સર્વત્ર	પ્રાપંચિક પદાર્થમાત્રમાં
સમવસ્થિતમ્	સમ્યક્ પ્રકારે તે પ્રકારની લીલાને અર્થે અવસ્થિત
ઈશ્વરમ્	સર્વ સામર્થ્યથી યુક્ત એવા ઈશ્વરને
સમમ્	સમાનભાવે
પશ્યન્	જોતાં
આત્મના	પોતાના લીલાત્મરૂપ વડે (પોતાને હું ભગવાનની લીલાનો એક વિષય છું એમ જાણતાં)
આત્માનમ્	આત્મસ્વરૂપ-અવિકૃત આત્માને
ન હિનસ્તિ	નષ્ટ કરતો નથી, (શરીરનો નાશ થતાં આત્માનો નાશ થતો નથી એમ માને છે) (તે યથાર્થરૂપે જાણીને આત્મપ્રપન્ન થાય છે)
તતઃ	તેથી કરીને-તદનન્તર
પરામ્	ઉત્કૃષ્ટ-વૈકુંઠ નામની-ભગવદ્ધામરૂપા અક્ષરાખ્ય
ગતિમ્	ગતિને
યાતિ	પ્રાપ્ત થાય છે (યથાર્થરૂપે જાણીને પ્રપન્ન થયેલો પરા ગતિને

પ્રાપ્ત થાય છે) ॥ ૨૯ ॥

ભાવાર્થ – કારણ કે પ્રાપંચિક પદાર્થમાત્રમાં સમ્યક્ પ્રકારે તે પ્રકારની લીલાને અર્થે અવસ્થિત સર્વ સામર્થ્યથી યુક્ત એવા ઈશ્વરને સમાનભાવે જોતાં પોતાના લીલાત્મરૂપ વડે (પોતાને હું ભગવાનની લીલાનો એક વિષય છું એમ જાણતાં) આત્મસ્વરૂપ-અવિકૃત આત્માને નષ્ટ કરતો નથી, (શરીરનો નાશ થતાં આત્માનો નાશ થતો નથી એમ માને છે) (તે યથાર્થરૂપે જાણીને આત્મપ્રપન્ન થાય છે) તેથી કરીને-તદનન્તર ઉત્કૃષ્ટ-વૈકુંઠ નામની-ભગવદ્ધામરૂપા અક્ષરાખ્ય ગતિને પ્રાપ્ત થાય છે (યથાર્થરૂપે જાણીને પ્રપન્ન થયેલો પરા ગતિને પ્રાપ્ત થાય છે) ॥ ૨૯ ॥

પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।
યઃ પશ્યતિ તથાડડત્માનકમર્તારં સ પશ્યતિ ॥ ૩૦॥

અન્વય	અર્થ
ચ	તેમજ
યઃ	જે
પ્રકૃત્યા	ભગવાનની લીલામાં ઉપયોગી એવી પ્રકૃતિ વડે
એવ	જ
ક્રિયમાણાનિ	કરાયેલા ('ચ'કારથી અને કરાવાયેલા)
સર્વશઃ	સર્વ પ્રકારે-સર્વ પ્રકારના
કર્માણિ	કર્મો (છે),
તથા	તેમજ

આત્માનમ્	પોતાને-જીવને
અકર્તારમ્	અકર્તા-ભગવાનની ઈચ્છાના અભાવમાં સર્વ કંઈ કરવા અશક્ત
પશ્યતિ	(જે) જુએ છે (જાણે છે-માને છે)
સઃ	તે (જ)
પશ્યતિ	(ઈશ્વરને) જુએ છે (જોનારો છે) (અથવા આ પ્રકારે જોનારો જ જોનારો છે, બીજાઓ આ પ્રકારે નહીં જોઈ શકનારા અન્ધ છે) ॥ ૩૦ ॥

ભાવાર્થ – તેમજ જે ભગવાનની લીલામાં ઉપયોગી એવી પ્રકૃતિ વડે જ કરાયેલા ('ચ'કારથી અને કરાવાયેલા) સર્વ પ્રકારે-સર્વ પ્રકારના કર્મો (છે), તેમજ પોતાને-જીવને અકર્તા-ભગવાનની ઈચ્છાના અભાવમાં સર્વ કંઈ કરવા અશક્ત (જે) જુએ છે (જાણે છે-માને છે) તે (જ) (ઈશ્વરને) જુએ છે (જોનારો છે) (અથવા આ પ્રકારે જોનારો જ જોનારો છે, બીજાઓ આ પ્રકારે નહીં જોઈ શકનારા અન્ધ છે) ॥ ૩૦ ॥

યદા ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ ।
તત એવ ચ વિસ્તારં બ્રહ્મ સંપદ્યતે તદા ॥ ૩૧॥

અન્વય	અર્થ
યદા	જ્યારે
ભૂતપૃથગ્ભાવમ્	ભૂતોનો એટલે કે સ્થાવર-જંગમોનો, અથવા પ્રકૃતિ-પુરુષ-તત્ત્વાત્મક દેવ વગેરે ભૂતોમાં દેવત્વ, મનુષ્યત્વ વગેરે દીર્ઘ-હ્રસ્વ-સ્થૂલ-કૃશ વગેરે વિચિત્ર અનેકરૂપાત્મક જુદા-જુદા

	જણાતા બ્રહ્મના ભેદને
એકસ્થમ્	સંહારેચ્છાસ્વરૂપ રમણાત્મક બ્રહ્મસ્વરૂપમાં સ્થિત થયેલું પ્રલયમાં એકત્રરૂપે
અનુપશ્યતિ	જુએ છે
ચ	અને વળી
તતઃ	પ્રપંચરૂપમાં રમણ કરવાની ઈચ્છાવાળા બ્રહ્મથી
એવ	જ
વિસ્તારમ્	(સૃષ્ટિ સમયમાં) વિસ્તારને (જુએ છે)
તદા	ત્યારે (તે સમયે)
બ્રહ્મ	અનવચ્છિન્ન અક્ષરાત્મ ઐક્યને (બ્રહ્મત્વને)
સમ્પદ્યતે	પ્રાપ્ત થાય છે ।। ૩૧ ।।

ભાવાર્થ – જ્યારે ભૂતોનો એટલે કે સ્થાવર-જંગમોનો, અથવા પ્રકૃતિ-પુરુષ-તત્ત્વાત્મક દેવ વગેરે ભૂતોમાં દેવત્વ, મનુષ્યત્વ વગેરે દીર્ઘ-હ્રસ્વ-સ્થૂલ-કૃશ વગેરે વિચિત્ર અનેકરૂપાત્મક જુદા-જુદા જણાતાં બ્રહ્મના ભેદને સંહારેચ્છાસ્વરૂપ રમણાત્મક બ્રહ્મસ્વરૂપમાં સ્થિત થયેલું પ્રલયમાં એકત્રરૂપે જુએ છે અને વળી પ્રપંચરૂપમાં રમણ કરવાની ઈચ્છાવાળા બ્રહ્મથી જ (સૃષ્ટિ સમયમાં) વિસ્તારને (જુએ છે) ત્યારે (તે સમયે) અનવચ્છિન્ન અક્ષરાત્મ ઐક્યને (બ્રહ્મત્વને) પ્રાપ્ત થાય છે ।। ૩૧ ।।

અનાદિત્વાન્નિર્ગુણત્વાત્ પરમાત્માઽયમવ્યયઃ ।
શરીરસ્થોઽપિ કૌન્તેય ન કરોતિ ન લિપ્યતે ।। ૩૨ ।।

અન્વય	અર્થ
કૌન્તેય	હે કુન્તીના પુત્ર અર્જુન !
અનાદિત્વાત્	(જેની ઉત્પત્તિ છે તેનો જ અન્ય સમ્બન્ધથી નાશ છે, પણ આ) અનાદિ હોવાથી (અને)
નિર્ગુણત્વાત્	(ગુણોના સંબન્ધવાળાનો જ નાશ થાય છે જ્યારે આ) નિર્ગુણ (ગુણસંબન્ધરહિત) હોવાથી
અયમ્	આ
અવ્યયઃ	જેનો વ્યય નથી તેવા અવિનાશી
પરમાત્મા	પરમાત્મા
શરીરસ્થઃ	શરીરમાં સ્થિત હોઈને
અપિ	પણ
ન કરોતિ	તે કર્મ કરતા નથી (અને તેથી કરીને)
ન લિપ્યતે	કર્મથી (તે) લિપ્ત થતા નથી ।। ૩૨ ।।

ભાવાર્થ – હે કુન્તીના પુત્ર અર્જુન ! (જેની ઉત્પત્તિ છે તેનો જ અન્ય સમ્બન્ધથી નાશ છે, પણ આ) અનાદિ હોવાથી (અને) (ગુણોના સંબન્ધવાળાનો જ નાશ થાય છે જ્યારે આ) નિર્ગુણ (ગુણસંબન્ધરહિત) હોવાથી આ જેનો વ્યય નથી તેવા અવિનાશી પરમાત્મા શરીરમાં સ્થિત હોઈને પણ તે કર્મ કરતા નથી (અને તેથી કરીને) કર્મથી (તે) લિપ્ત થતા નથી ।। ૩૨ ।।

યથા સર્વગતં સૌક્ષ્મ્યાદાકાશં નોપલિપ્યતે ।
સર્વત્રાવસ્થિતો દેહે તથાઽઽત્મા નોપલિપ્યતે ।। ૩૩ ।।

અન્વય	અર્થ
યથા	જે પ્રકારે
સર્વગતમ્	સર્વત્ર જડ-જીવાન્તર્ગત
આકાશમ્	આકાશ
સૌક્ષ્મ્યાત્	સૂક્ષ્મ, સ્વરૂપનો અભાવ હોવાથી સંગરહિત હોવાના કારણે
ન ઉપ-લિપ્યતે	(જડ-જીવમાં રહીને પણ તેનાથી) લેપાયમાન થતું નથી,
તથા	તે જ પ્રકારે
સર્વત્ર	સર્વત્ર (ઉચ્ચ-નીચ રૂપમાં)
દેહે	દેહમાં
અવસ્થિતઃ	સ્થિત હોઈને (પણ)
આત્મા	આત્મા

ન ઉપલિપ્યતે લેપાયમાન થતો નથી ।। ૩૩ ।।

ભાવાર્થ – જે પ્રકારે સર્વત્ર જડ-જીવાન્તર્ગત આકાશ સૂક્ષ્મ, સ્વરૂપનો અભાવ હોવાથી સંગરહિત હોવાના કારણે (જડ-જીવમાં રહીને પણ તેનાથી) લેપાયમાન થતું નથી, તે જ પ્રકારે સર્વત્ર (ઉચ્ચ-નીચ રૂપમાં) દેહમાં સ્થિત હોઈને (પણ) આત્મા લેપાયમાન થતો નથી ।। ૩૩ ।।

(જો તે આત્મા લેપરહિત-અલેપ છે તો પછી તે દેહ વગેરેના ગુણોનો પ્રકાશ કરનાર કેવી રીતે છે ? તે કહે છે -)

યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમિમં રવિઃ ।
ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ ભારત ।। ૩૪ ।।

અન્વય	અર્થ
ભારત	હે ભરતવંશી અર્જુન ! (જેમ સૈન્યના મધ્યમાં રહીને પણ મારો અંશ હોવાથી તું તેસંબન્ધી દોષોથી લેપાતો નથી, તેમ દેહાદિગુણ પ્રકાશીને પણ આત્મા લેપાતો નથી એમ સમ્બોધનથી જ્ઞાપિત કર્યું છે)
યથા	જે પ્રકારે
એકઃ	એક જ
રવિઃ	સૂર્ય (મારો અંશરૂપ હોવાથી)
કૃત્સ્નમ્	સમ્પૂર્ણ
ઈમમ્	આ
લોકમ્	લોકને
પ્રકાશયતિ	પ્રકાશે છે,
તથા	તે જ પ્રકારે
ક્ષેત્રી	ક્ષેત્રી-આત્મા (મારો અંશરૂપ હોવાથી)
કૃત્સ્નમ્	સમ્પૂર્ણ
ક્ષેત્રમ્	ક્ષેત્રને
પ્રકાશયતિ	પ્રકાશે છે (સૂર્ય ભગવાનના લોચનરૂપ હોવાથી તેના દૃષ્ટાન્તથી મારી કૃપાદૃષ્ટિ વડે ક્રીડામાં ઉપયોગ્યપણા માટે

આત્મા પણ ક્ષેત્રને પ્રકાશે છે એમ જ્ઞાપિત કર્યું છે) ॥ ૩૪॥

ભાવાર્થ – (જો તે આત્મા લેપ રહિત-અલેપ છે તો પછી તે દેહ વગેરેના ગુણોનો પ્રકાશ કરનાર કેવી રીતે છે ? તે કહે છે -) હે ભરતવંશી અર્જુન ! (જેમ સૈન્યના મધ્યમાં રહીને પણ મારો અંશ હોવાથી તું તે સંબન્ધી દોષોથી લેપાતો નથી, તેમ દેહાદિ ગુણ પ્રકાશીને પણ આત્મા લેપાતો નથી એમ સમ્બોધનથી જ્ઞાપિત કર્યું છે.) જે પ્રકારે એક જ સૂર્ય (મારો અંશરૂપ હોવાથી) સમ્પૂર્ણ આ લોકને પ્રકાશે છે, તે જ પ્રકારે ક્ષેત્રી-આત્મા (મારો અંશરૂપ હોવાથી) સમ્પૂર્ણ ક્ષેત્રને પ્રકાશે છે (સૂર્ય ભગવાનના લોચનરૂપ હોવાથી તેના દૃષ્ટાન્તથી મારી કૃપાદૃષ્ટિ વડે ક્રીડામાં ઉપયોગ્યપણા માટે આત્મા પણ ક્ષેત્રને પ્રકાશે છે એમ જ્ઞાપિત કર્યું છે) ॥ ૩૪॥

ક્ષેત્રક્ષેત્રજ્ઞયોરેવમન્તરં જ્ઞાનચક્ષુષા ।
ભૂતપ્રકૃતિમોક્ષં ચ યે વિદુર્યાન્તિ તે પરમ્ ॥ ૩૫ ॥

અન્વય	અર્થ
એવમ્	આ પ્રકારે-પૂર્વોક્ત પ્રકારે
ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞયોઃ	ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના
અન્તરમ્	(લૌકિક સૃષ્ટિ થકી) ભેદને
ચ	અને
ભૂતપ્રકૃતિ-મોક્ષમ્	ભૂતોના સમ્બન્ધની જે ભૂતપ્રકૃતિ કે જે સંસારોપયોગિની છે તેનાથી મોક્ષ માટેનું ધ્યાનાત્મક સાધન છે એમ
યે	જે લોકો
જ્ઞાનચક્ષુષા	જ્ઞાનરૂપી નેત્રો દ્વારા - તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ વડે
વિદુઃ	જાણે છે
તે	તે લોકો
પરમ્	મોક્ષને (અથવા પુરુષોત્તમપ્રાપક તત્ત્વજ્ઞાનને)
યાન્તિ	પ્રાપ્ત કરે છે ॥ ૩૫ ॥

ભાવાર્થ – આ પ્રકારે-પૂર્વોક્ત પ્રકારે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના (લૌકિક સૃષ્ટિ થકી) ભેદને અને ભૂતોના સમ્બન્ધની જે ભૂતપ્રકૃતિ કે જે સંસારોપયોગિની છે તેનાથી મોક્ષ માટેનું ધ્યાનાત્મક સાધન છે એમ જે લોકો જ્ઞાનરૂપી નેત્રો દ્વારા - તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ વડે જાણે છે તે લોકો મોક્ષને (અથવા પુરુષોત્તમ- પ્રાપક તત્ત્વજ્ઞાનને) પ્રાપ્ત કરે છે ॥ ૩૫ ॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગો નામ ત્રયોદશોડધ્યાયઃ ॥ ૧૩ ॥